SSP/FEB98/G/04/02/7,000

**બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સંસ્થા**

**સત્સંગ શિક્ષણ પરીક્ષા**

# સત્સંગ પ્રવેશ

## પ્રશ્નપત્ર - ૨

બપોરે ૨ થી ૪:૧૫] (રવિવાર, ૧૫ ફેબ્રુઆરી, ૧૯૯૮) કુલ ગુણ : ૭૫

**નોંધ : જમણી બાજુએ આપેલા અંકો જે તે પ્રશ્નના ગુણાંક દર્શાવે છે.**

**વિભાગ - ૧ (કિશોર સત્સંગ પ્રવેશ)**

**પ્ર.૧. નીચેનામાંથીકોઈ પણ બે અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો.** ૬

૧. 'સ્વામી, આમાં તો દેહનું જોખમ છે.'

૨. 'આપણે ગુરુભાઈ છીએ, માટે મળવા આવો.'

૩. 'આજ સુધી હું મહારાજને કૃષ્ણ જેવા સમજતો હતો, આજે તમારી વાતોથી મહારાજનું સ્વરૂપ સમજાયું.'

**પ્ર.૨. નીચેનામાંથી કોઈપણ એક વિષે નોંધ લખો. (પંદરેક લીટીમાં)** ૫

૧. રાણા રાજગર

૨. દૂબળી ભટ્ટ

૩. પુષ્પદોલોત્સવ

**પ્ર.૩. નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં આપો.** ૬

૧. શિક્ષાપત્રીનું પાલન કરવાથી કયા ચાર પુરુષાર્થ સિદ્ધ થાય છે.

૨. મહારાજે કાશીદાસને શો કોલ આપ્યો ?

૩. સાંકરી મંદિરની મૂર્તિપ્રતિષ્ઠા કોના હસ્તે થઈ ?

૪. ગુરુ શબ્દનો અર્થ લખો ?

૫. વચનામૃત સંપાદન કરનાર સંતોનાં નામ આપો ?

૬. શાસ્ત્રીજી મહારાજે કયા પાંચ ઉપવાસ નિર્જળા કરવાની આજ્ઞા કરી છે ?

**પ્ર.૪. નીચે આપેલી 'સ્વામીની વાત' પૂરી કરી તેનું વિવરણ લખો.** ૬

સત્સંગ થાય પણ..........................................

**અથવા**

એક જણે લાખ રૂપિયાની....................................





**પ્ર.૫. નીચેનામાંથી કોઈપણ ચાર કીર્તન/અષ્ટક/શ્લોકની ખૂટતી કડીઓ પૂરી કરો.** ૮

૧. વિનાશકં સંસૃતિ................................ નનામિ ।

૨. પ્રભુપદ પ્રગટ.......................... દુઃખહારી.

૩. હિસા ન કરની જંતુ કી.............. ન કોઈ કુ લગાત.

૪. પ્રસંગમજરં............................ અપાવૃતમ્ ।

૫. સ્નેહભર્યા નયણે...................... આનંદ ઉપજાવતા હો ૦...

૬. ધર્મેણ રહિતા કૃષ્ણ...................

**વિભાગ - ૨ (શાસ્ત્રીજી મહારાજ)**

**પ્ર.૬. નીચેનામાંથી કોઈપણ બે અવતરણ કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો.** ૬

૧. 'ભાઈ, આટલી રાત્રે એકલા આવ્યા, તે બીક ન લાગી ?'

૨. 'તમે વર્તમાન ધરાવી સત્સંગી થાઓ તો જમીએ.'

૩. 'ચરણારવિંદના પાડનારા શ્રીજીમહારાજ હું એને આપીશ.'

૪. 'આવ્યા ને ! બહુ રાહ જોવરાવી.'

**પ્ર.૭. નીચેનામાંથી કોઈપણ એક વિષય પર ટૂંકનોંધ લખો. (પંદરેક લીટીમાં)** ૫

૧. ગુણાતીત માટે મૂંડાવ્યું છે.

૨. સમર્થ વક્તા.

૩. વઢવાણ મંદિરમાં અક્ષરપુરુષોત્તમની મૂર્તિપ્રતિષ્ઠા.

**પ્ર.૮. નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં આપો.** ૬

૧. કોના પ્રયત્નથી ગઢડા મંદિરની જમીન મળી ?

૨. શુદ્ધ ઉપાસના એટલે શું ?

૩. નિર્વિકલ્પ નિશ્ચયની વાત કયા વચનામૃતમાં છે ?

૪. યજ્ઞપુરુષદાસજીએ હરિભક્ત સાથે ભગતજી માટે શું મોકલ્યું ?

૫. સારંગપુર મંદિરની પ્રતિષ્ઠા ક્યારે થઈ ?

૬. વરતાલમાં પૂનમની સભામાં 'અક્ષરપુરુષોત્તમ'ની જય કોણે બોલાવી ?

**પ્ર.૯. નીચેનામાંથી કોઈપણ બે વિષે મુદાસર નોંધ લખો. (બારેક લીટીમાં)** ૮

૧. અજોડ વિદ્વત્તા.

૨. અડસઠ તીરથ.

૩. ગઢડા મંદિર.

૪. અજાત શત્રુ.

**પ્ર.૧૦. નીચે આપેલાં વિધાનોમાં ખાલી જગ્યા પૂરો. ૪**

૧. ‘શ્રી સારંગપુરની શોભા.....’ કીર્તન .......................................... એ બનાવ્યું.
૨. શાસ્ત્રીજી મહારાજને ................................... એ વર્તમાન ધરાવેલાં.
૩. લીમડીના દીવાન ...................................... એ સારંગપુરની જમીન અપાવી.
૪. મધ્યખંડમાં અક્ષરપુરુષોત્તમની મૂર્તિઓ સૌ પ્રથમ .......................માં પ્રતિષ્ઠિત થઈ.

**વિભાગ - ૩ (સત્સંગ પ્રારંભ પરીક્ષાનાં પુસ્તકોના આધારે)**

**પ્ર.૧૧. નીચે આપેલા બધા વિષયો પર વિસ્તૃત નોંધ લખો. ૧૫**

૧. કાશીમાં સભા જીતી / ઘનશ્યામનો ગૃહત્યાગ.
૨. યોગીજી મહારાજની ગુરુભક્તિ / યોગીજી મહારાજની સાધુતા.
૩. જોધો ભરવાડ / સામત પટેલ.